સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited Grade A by NAAC

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય ,
યુનિવર્સિટીકેમ્પસ , યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન નં. ૨૫૭૮૫૦૧ થી ૧૨ (એકસ ) ૨૧૪


નં જોડાણ/૫/ ૨૬૨૪/૨૦૨૦

તા. ૧૦-૧-૨૦૨૦

વિષય :- જાન્યુઆરી ૨૦૨૦ થી દર માસના દિન -વિશેષની ઉજવણી કરવા બાબત.
સંદર્ભ :- શિક્ષણ વિભાગ – ગાંધીનગરના પત્ર નં.પરચ/૧૨૨૦૨૦/ ૦૨૦૧/ખ.૧
તા. ૦૪-૦૧-૨૦૨૦

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સીટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે શિક્ષણ વિભાગ – ગાંધીનગરના સંદર્ભિત પત્રથી માન. મંત્રીશ્રી (શિક્ષણ)ની સુચના અનુસાર જાન્યુઆરી ૨૦૨૦ થી પ્રત્યેક માસના દિન – વિશેષની ઉજવણી કરવા કોલેજના વિદ્યાર્થીઓ દિન –વિશેષ અને વ્યક્તિ વિશેષથી પરિચિત થાય, મહાનુભાવોના કાર્યોથી પરિચિત થાય તેમજ તેમના જીવનમાંથી પ્રેરણા લે તે માટે વિદ્યાર્થીઓ , અધ્યાપકો કે મહાનુભાવો દ્વારા પ્રાસંગિક પ્રવૃત્તિ, વકતૃત્વ સ્પર્ધા કરી ઉજવણી કરવામાં આવે. નીચે દર્શાવેલ જાન્યુઆરી ૨૦૨૦ થી દર માસના દિન-વિશેષની શૈક્ષણિક કાર્યને બાધ ન આવે તે અનુસાર ઉજવણી કરવાની રહેશે.

| ક્રમ | તારીખ | દિન |
|---|---|---|
| ૧ | ૧૨-૧-૨૦૨૦ | "રાષ્ટ્રીય યુવા દિન" |
| ૨ | ૨૩-૧-૨૦૨૦ | "નેતાજી સુભાષચન્દ્ર બોઝ ની જન્મ જયંતી" |
| ૩ | ૩૦-૧-૨૦૨૦ | "મહાત્મા ગાંધી નિર્વાણ દિન" |
| ૪ | ૩૦-૧-૨૦૨૦ | "શહીદ દિન" |

ઉક્ત દિન – વિશેષની ઉજવણી કરી તેનો અહેવાલ કે.સી.જી. – અમદાવાદ ને મોકલી આપવાનો રહેશે.

ઉક્ત બાબત ધ્યાને લઈ યોગ્ય કાર્યવાહી થવા વિનંતી કરવામાં આવે છે.

કુલસચિવ

બિડાણ :- સંદર્ભિતપત્રની નકલ

પ્રતિ,

- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ

નકલ સાદર રવાના:-

૧. નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર
૨. એડવાઈઝરશ્રી, કે.સી.જી. , અમદાવાદ
૩. માન.કુલપતિશ્રી/માન.ઉપકુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-

૧. કોમ્પ્યુટર સેન્ટર ( વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે ...)
૨. શારીરિક શિક્ષણ વિભાગ / વિદ્યાર્થી કલ્યાણ વિભાગ

ક્રમાંક: પરચ/૧૨૨૦૨૦/૦૨૦૧/ખ-૧
શિક્ષણ વિભાગ.
બ્લોક નં. ૫. ૭મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૪/૦૧/૨૦૨૦

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી,
તમામ યુનિવર્સિટી (સરકારી/બિનસરકારી)

વિષય: જાન્યુઆરી ૨૦૨૦થી દર માસના દિન-વિશેષની ઉજવણી કરવા બાબત

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પ્રત્યે જણાવવાનું કે મનુષયના જીવનમાં સમય, સ્થળ અને તારીખનું અનેરૂ મહત્વ છે. દરેક તારીખ સાથે વ્યક્તિ વિશેષ વસ્તુ ઘટના કે પરિસ્થિતીનો સંબંધ હોય છે. જીવનમાં આનંદિત રહેવા માટે આપણે અનેક પ્રકારના ઉત્સવો, તહેવારો અને પ્રસંગો ઉજવતા હોઇએ છીએ.

માન. મંત્રીશ્રી(શિક્ષણ)ની સુચના અનુસાર જાન્યુઆરી-૨૦૨૦થી પ્રત્યેક માસમાં આવતા દિન-વિશેષની ઉજવણી રાજ્યની તમામ યુનિવર્સિટી તથા કોલેજોમાં થાય તે માટે સુચારૂ આયોજન કરવાનું થાય છે. આ માટે શૈક્ષણિક કાર્યને બાધ ન આવે તે રીતે યુનિવર્સિટી / કોલેજોના વિદ્યાર્થીઓ દિન- વિશેષ અને વ્યક્તિ વિશેષથી પરીચિત થાય, મહાનુભાવોના કાર્યોથી પરીચિત થાય તેમજ તેમના જીવનમાંથી પ્રેરણા મેળવે તે જરૂરી છે. આ માટે યુનિવર્સિટી, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓ વિદ્યાર્થીઓ, અધ્યાપકો કે મહાનુભાવ દ્વારા પ્રાસંગિક પ્રવૃત્તિ, વકતૃત્વ સ્પર્ધા દ્વારા દિન વિશેષની ઉજવણી કરવા જણાવવામાં આવે છે. જાન્યુઆરી-૨૦૨૦ માસની દિન વિશેષની વિગતો નીચે પ્રમાણે છે.

૧.રાષ્ટ્રીય યુવા દિન : તા. ૧૨ જાન્યુઆરી. ૨૦૨૦ના રોજ રવીવાર હોવાથી તા.૧૧ જાન્યુઆરીના રોજ સ્વામી વિવેકાનંદ જયંતી "રાષ્ટ્રીય યુવા દિન"ની ઉજવણી કરવી.

૨.નેતાજી સુભાષચન્દ્ર બોઝની જન્મ જયંતી : તા. ૨૩ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ ઉજવણી કરવી.

૩.શહીદ દિન : તા. ૩૦ જાન્યુઆરી મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે વિવિધ શહીદો જેવાકે શ્યામજી કૃષ્ણ વર્મા. રામ પ્રસાદ બિસમિલ. ભગતસિંહ. લાલા લાજપતરાય. ચન્દ્રશેખર આઝાદ. વીર વિનોદ કિનારીવાલા તથા અન્ય શહીદોના સ્મરણાર્થે "શહીદ દિન"ની ઉજવણી કરવી.

દિન-વિશેષની ઉજવણીની વિગતોનો અહેવાલ કે.સી.જી..અમદાવાદ દ્વારા તૈયાર કરવાનો રહેશે. તથા કે.સી.જી. અમદાવાદ દ્વારા ઉજવણીની વિગતો એકત્રિત કરવા માટે વ્યવસ્થા ગોઠવવાની રહેશે અને દરેક યુનિવર્સિટી.કોલેજે. શૈક્ષણિક સંસ્થાએ કે.સી.જી. અમદાવાદને ઉજવણીની વિગતો મોકલી આપવાની રહેશે.

આપનો વિશ્વાસુ
(રોનક મહેતા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ સવિનય રવાના :

- અંગત સચિવશ્રી. માન. મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય. સ્વર્ણિમ સંકુલ-૧. સચિવાલય. ગાંધીનગર
- અંગત સચિવશ્રી. માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય. સ્વર્ણિમ સંકુલ-૨. સચિવાલય. ગાંધીનગર.
- નિયામકશ્રી. ટેક્નિકલ શિક્ષણ. ગાંધીનગર તરફ આપના હસ્તકની યુનિવર્સિટી/કોલેજો/શૈક્ષણિક સંસ્થાઓને જાણ કરવા સારૂ.
- નિયામક. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી. ગાંધીનગર આપના હસ્તકની યુનિવર્સિટી/ કોલેજોને જાણ કરવા સારૂ.
- સી.ઇ.ઓ.. કે.સી.જી. અમદાવાદ
- આચાર્યશ્રી. સરકારી. બિનસરકારી અનુદાનિત. સ્વ-નિર્ભર કોલેજો. ગુજરાત રાજ્ય. (કમિશનર કચેરી મારફત)